જગમાં સહુ સુખિયા હોજો, સાજા રહો સદાય, ભલું હોજો સહુ કોઈનું, દુઃખ થજો ન જરાય...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૮ | ૯ ડીસેમ્બર, ૨૦૨૦, બુધવાર; કારતક વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારત બંધને દેશભરમાં મિશ્ર પ્રતિસાદ

**ઘણા રાજ્યમાં જનજીવન ખોરવાયું : દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ સિવાયના મોટા ભાગના પ્રાંતમાં બંધની ખૂબજ સામાન્ય અસર જોવા મળી : મોટાભાગના રાજ્યોમાં બંધ આંશિક રીતે સફળ : અનેક રાજ્યોમાં બસ-ટ્રેન રોકી વિરોધ, જયપુરમાં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે પથ્થરમારો, દેશમાં ઘણી જગ્યાએ ટાયરો સળગાવી અને હાઇવે ચક્કાજામ કરી વિરોધ કરવામાં આવ્યો, બંગાળ, ઓડિશામાં ટ્રેન રોકવામાં આવી : આજે સરકાર-ખેડૂત આગેવાનો વચ્ચે વધુ એક બેઠક યોજાશે**







નવી દિલ્હી, તા. ૮

દેશના જુદા જુદા ભાગોમાં ખેડુતોના ભારત બંધની જુદી જુદી અસર જોવા મળી છે. કેટલાક સ્થળોએ ટ્રાફિક ખોરવાયો હતો તો કેટલાક સ્થળોએ વિરોધીઓ અને પોલીસ વચ્ચે સામાન્ય અથડામણ થઈ હતી. ખેડૂત આગેવાનોએ જણાવ્યું હતું કે સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધી ચક્કા જામનો ઉદ્દેશ્ય એ છે કે સામાન્ય વ્યક્તિને મુશ્કેલી ન પડે. દિલ્હી-એનસીઆરમાં અમુક અંશે ટ્રાફિક પ્રભાવિત થયો હતો. કેટલાક ઓટો અને ટેક્સી એસોસિએશનોએ પણ મંગળવારે ભારત બંધમાં ભાગ લીધો હતો અને રસ્તાઓ પર વાહનો ન ઉતારવાનો નિર્ણય કર્યો હતો, જ્યારે કેટલાક હડતાલથી દૂર રહ્યા હતા. દરમિયાનમાં મુખ્યમંત્રી કેજરીવાલને નજરકેદ કરાયા હોવાના આરોપ સાથે આપે આઈટીઓ ખાતે ધરણા કર્યા હતા. ખેડૂતોએ નેશનલ હાઈવે-૨૪ બંધ કર્યો હતો. મંગળવારે સવારે ૧૧ વાગ્યે, ખેડુતોએ ગાઝિયાબાદ મેરઠ એક્સપ્રેસ વે પર ધરણા કર્યા હતા અને હાઈવે પરથી પસાર થતી ગાડીઓએ પરત ફરવાની ફરજ પડી હતી. જો કે, આ સમય દરમિયાન, એમ્બ્યુલન્સને ખેડૂતો દ્વારા જવાનો માર્ગ કરી અપાતો હતો. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના કાર્યકરો રસ્તાઓ પર જોવા મળ્યા હતા. રાજ્યના અનેક જિલ્લાઓમાં સપાના કાર્યકરોએ ઉગ્ર પ્રદર્શન કર્યું હતું. કામદારોએ પ્રયાગરાજ ખાતેના રેલ્વે સ્ટેશનની બહાર બુંદેલખંડ એક્સપ્રેસ ટ્રેન અટકાવી હતી. તેવી જ રીતે ગ્વાલિયરથી મધુવાદિહ જતી ટ્રેનને પણ વચ્ચેથી અટકાવી દેવામાં આવી હતી. ટાઉનશીપમાં ભારત બંધના આંદોલનના સમર્થનમાં, દુકાનને બંધ કરવા માટે ગાંધીનગર પક્કે બજારમાં રેલી કાઢનારા સમર્થકો પર પોલીસે લાકડીઓ વિંઝી હતી. ગોવા પર 'ભારત બંધ' ના આહવાનની કોઈ અસર નહોતી. ખાનગી અને સરકારી કચેરીઓ, બજારો અને જાહેર પરિવહન તમામ સામાન્ય રીતે કાર્યરત હતા. મધ્યપ્રદેશના અનેક ભાગોમાં વિરોધ પ્રદર્શનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ જ ક્રમમાં વિરોધીઓએ ગ્વાલિયરમાં કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરના નિવાસ સ્થાને વિરોધનો પ્રયાસ કરાયો કર્યો. પોલીસે વિરોધ કરનારાઓની અટકાયત કરી હતી. આ જ ક્રમમાં કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂત નેતાઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. જો કે, ગ્વાલિયરના બજારો મંગળવારે બંધ રહતા હોઈ, મોટાભાગના બજારો બંધ રહ્યા હતા. પશ્ચિમ બંગાળમાં 'ભારત બંધ' ની આંશિક અસર જોવા મળી હતી.

## ખેડૂતોના સમર્થનમાં અન્ના હજારેના એક દિનના ઉપવાસ

કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત સંગઠનો દ્વારા આજે આપવામાં આવેલા ભારત બંધ દરમિયાન દેશમાં ઘણી જગ્યાએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, ત્યારે સામાજિક કાર્યકર્તા અન્ના હઝારે પણ ખેડૂતોના સમર્થનમાં આવ્યા છે. તેઓ ખેડૂતોના સમર્થનમાં આજે એક દિવસના અનશન પર બેઠા છે.

## છેલ્લે... છેલ્લે...

- કોરોનાની રસી વિશ્વમાં પ્રથમ બ્રિટનમાં ૯૦ વર્ષની મારગ્રેટ કીનને અપાઈ
- એનસીપીના નેતા શરદ પવારે રાષ્ટ્રપતિને મળતા પહેલા ખેડૂતોના નેતાઓ સાથે ચર્ચા કરી હતી.
- ૨૧મીએ ગુરૂ અને શનિનો ૮૦૦ વર્ષ પછી દુર્લભ મિલન થશે.
- એલજી હોસ્પિટલમાં બાઉન્સર અને દર્દીના સગા વચ્ચે છુટા હાથની મારામારી.
- ગીર સોમનાથના તલાલામાં ભૂકંપના ત્રણ આંચકા.
- પ્રધાનમંત્રી મોદીએ અકાલીદળના પીઢ નેતા પ્રકાશસિંહ બાદલને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી.
- દિલ્હી પોલીસે મુખ્યમંત્રી કેજરીવાલને નજરબંધ કર્યા હતા તેવો આપનો આરોપ.

# કોવિશિલ્ડનો એક ડોઝ કંપની રૂ. ૨૫૦માં સરકારને આપશે : આદર પૂનાવાલા

**બધું બરાબર રહેશે તો જાન્યુઆરીથી દેશમાં વેક્સિનેશનનું કામ શરૂ થશે : રસી સૌથી પહેલા ભારતમાં પુરી પડાશે**

પૂણે, તા. ૮

દુનિયાભરમાં હાહાકાર મચાવનારા કોરોના વાયરસની વેક્સીનને લઈને ભારતની જ દિગ્ગજ કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ સારા સમાચાર આપ્યા છે. સિરમના જણાવ્યા પ્રમાણે તેની રસી સૌથી પહેલા ભારતને આપવામાં આવશે. તેવી જ રીતે તેના સપ્લાયને લઈને કોન્ટ્રાક્ટની પણ સરકાર સાથે વાતચીત ચાલી રહી છે. સિરમે તેની કોરોના વેક્સીનની કિંમત પણ જાહેર કરી દીધી છે જે સૌથી સસ્તી છે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કેન્દ્ર સરકારની સાથે કોરોના વેક્સિન-કોવિશીલ્ડના સપ્લાઈ-કોન્ટ્રેક્ટ પર સાઈન કરવાની છે. કંપનીના જણાવ્યા પ્રમાણે તેઓ સરકારને એક ડોઝ રૂ. ૨૫૦માં આપશે.




સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના આદર પુનાવાલાએ કહ્યું હતું કે, તેમની કંપની તરફથી ભારતમાં કોવિશીલ્ડ માટે ઈમર્જન્સી યુઝની મંજુરી માંગવામાં આવી છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ટૂંક સમયમાં જ આ વિશે કોઈ નિર્ણય લેવામાં આવશે. ઈમર્જન્સી યુઝની અપ્રૂવલની પ્રોસેસ પહેલાં જ ઝડપી બનાવી દેવામાં આવી છે. જો બધું બરાબર રહેશે તો જાન્યુઆરીથી દેશમાં વેક્સિનેશનનું કામ શરૂ થઈ જશે. અદાર પૂનાવાલાએ પહેલાં જ કહ્યું હતું કે વેક્સિનનો એક ડોઝ ભારતના પ્રાઈવેટ બજારમાં રૂ. ૧,૦૦૦માં મળશે. જોકે સરકાર સાથે જથ્થાબંધ સપ્લાઇ ડીલમાં કિંમત થોડી ઓછી હશે. કંપની તરફથી પહેલેથી જ કહેવામાં આવ્યું હતું કે, સરકાર વેક્સિનની કિંમત ૩ ડોલર અથવા રૂ. ૨૨૫થી ૨૫૦ રાખશે.

પૂનાવાલાએ એવું પણ કહ્યું હતું કે, આ રસી સૌથી પહેલા ભારતમાં પુરી પાડવામાં આવશે. ભારતમાં પુરતા પ્રમાણમાં વેક્સીન અપાયા બાદ જ દુનિયાના અન્ય દેશોમાં તેની સપ્લાઈ પુરી પાડવામાં આવશે. કોવિશીલ્ડને ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાએ સાથે મળીને તૈયાર કરી છે. ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે જ તેની ફેઝ ૨/૩ની ટ્રાયલ્સ કરાવી છે. સીરમ ઉપરાંત સ્વદેશી વેક્સિન કોવેક્સિન બનાવનાર હૈદરાબાદની કંપની ભારત બાયોટેકે પણ તેમની વેક્સિન માટે સરકાર પાસે ઈમર્જન્સી યુઝની મંજુરી માગી છે. આ વેક્સિનને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી સાથે મળીને તૈયાર કરી છે. તેની કિંમત શું હશે એ વિશે હજી કોઈ નિર્ણય લેવાયો નથી. તેમ છતાં આ વેક્સિનના એક ડોઝની કિંમત રૂ. ૩૦૦-૪૦૦ હોવાની શક્યતા છે. આમ ભારતમાં જ ઘર આંગણે તૈયાર થનારી કોરોનાની વેક્સીન ખુબ જ સસ્તી હશે.

## માઉન્ટ એવરેસ્ટનું કદ વધીને ૮,૮૪૮.૮૬ મીટર નોંધાયું



નવીદિલ્હી, તા. ૮

નેપાળ અને ચીને વિશ્વના સૌથી ઊંચા પર્વત એવા માઉન્ટ એવરેસ્ટની નવી સત્તાવાર ઉંચાઈ સંયુક્ત રીતે જાહેર કરી છે. માઉન્ટ એવરેસ્ટની નવી ઊંચાઈ ૮,૮૪૮.૮૬ મીટર હોવાનું જણાવાયું છે. નેપાળ સરકારે એવરેસ્ટની સચોટ ઊંચાઈ માપવાનો નિર્ણય કર્યો હતો. એવરેસ્ટની ઊંચાઈને લઈને છેલ્લા ઘણા વર્ષોથી માંગ ઉઠી હતી અને ચર્ચા થઈ રહી હતી.


● અનુસંધાન પાન-૭ પર


## ભારત બાયોટેકે કોવેક્સિનનો ઉપયોગ કરવા મંજૂરી માગી

નવી દિલ્હી,તા.૮

ફાઈઝર અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા બાદ હૈદરબાદની ફાર્માસ્યુટિકલ કંપની ભારત બાયોટેકએ પોતાની કોવિડ-૧૯ વેક્સીન માટે ઈમરજન્સી ઉપયોગની સ્વીકૃતિ મેળવવા માટે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને અરજી કરી છે. કોવૈક્સીન વેક્સીનનો વિકાસ ભારત બાયોટેક દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની સાથે મળી સ્વદેશમાં કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ ડિસેમ્બરે એક સર્વપક્ષીય બેઠકમાં આશા વ્યક્ત કરી હતી કે કોવિડ-૧૯ની વેક્સીન થોડાક સપ્તાહમાં તૈયાર થઈ શકે છે.

## સોનિયા ગાંધી આજે જન્મદિવસ નહિ ઉજવે

ન્યુ દિલ્હી,તા.૮

કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી આ વરસે પોતાનો જન્મદિવસ નહીં ઊજવે. એ માટે તેમણે ખેડૂતોના આંદોલનનું કારણ આગળ ધર્યું હતું. તેમણે કહ્યું કે દેશનો ખેડૂત આંદોલન કરતો હોય ત્યારે હું બર્થ ડેની ઊજવણી કરી ન શકું.





**Required Office Staff**
Male/Female for Marketing, Back Office & Business Development Executive.
Contact us:
6354394342
6354662473
9327088935

**જોઈએ છે**
શિવાલય સીટી માટે
સીવીલ એન્જિનીયર - ૨
૩ થી ૪ વર્ષના અનુભવી, બાયોડેટા સાથે રૂબરૂ મળો.
ક-૭ ચોકડી, ગાંધીનગર-માણસા હાઈવે, શિવાલય પાર્ટી પ્લોટની પાછળ, ગાંધીનગર
મો. ૯૮૨૫૯ ૨૨૩૦૯, ૯૮૨૫૦ ૨૨૧૭૩

**શ્રદ્ધાંજલિ**
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં આચાર્યા તરીકે ફરજ બજાવતા લોક લાડીલા શ્રી મીનાબેન રમેશભાઈ ચૌધરીનું તા. ૬/૧૨/૨૦૨૦ને રવિવારના રોજ અકાળે અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે શ્રદ્ધાસુમન ઓ અર્પણ કરીએ છીએ....



સ્વ. મીનાબેન રમેશભાઈ ચૌધરી
આચાર્ય શ્રી જે. એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય સેક્ટર-૭, ગાંધીનગર

પ્રિય બેનશ્રી મીનાબેન
હૈયું નવ માનતું આ વાત, કેમ કરી શ્રદ્ધાંજલિ અર્પીએ આજ,
આછું શું આવ્યું ભેરું ? મારગ બદલાવ્યા શા કાજ ? હજી તમારી કાયા અમ નયન સમીમ પસતી, અને તમારી વાણી કર્ણપટ માંહી ગુંજતી, પાનખરમાં પાન ખરી પડે તે સમજી શકાય
પ....ણ કહોને બહેના !
જીવનની વસંતમાં તમે શાની ખરી પડ્યા ?

તમારા સ્નેહીજનો
ચૌધરી રમીલાબેન એસ. | ચૌધરી આશાબેન કે.
ચૌધરી ઈજુબેન જે. | ચૌધરી મધુબેન એ.
ચૌધરી વારીબેન એફ. | ચૌધરી આશાબેન આર.
રાઠોડ નિરૂપમાબેન જે. | બાંભણીયા દેવીબેન જે.
ચૌધરી દેવલબેન વી.